# વિદ્યાર્થીઓ રાજકીય પ્રદૂષણના હાથા

**યુનિવર્સિટીઓમાં કુલપતિની નિમણૂકથી લઈને સમારંભોના મહેમાનો સુધીની તમામ પ્રક્રિયામાં રાજકીય દખલગીરી શરૂ થઇ છે.મહત્ત્વની જગાએ લાયકાત વિનાના ચોક્કસ વિચારધારા ધરાવતા સંગઠનોના વ્યકિતઓની નિમણૂક થઇ રહી છે.**




**મણિલાલ એમ. પટેલ.** aarpar@gmail.com

દેશની એક પછી એક નામાંકિત યુનિવર્સિટીઓ વિદ્યાર્થી આંદોલનના વિવાદમાં સપડાતી જાય છે.જાણે અજાણે વિદ્યાર્થીઓ રાજકીય પક્ષોની ચાલમાં એકવાર તો ફસાઇ જ જાય છે. વિદ્યાધામો હવે રાજકીય અખાડા બનતા જાય છે. ત્યાં શિક્ષણની ઓછી ને રાજકારણની ચર્ચા ને પ્રવૃત્તિઓ વધુ જોવા મળે છે. વિદ્યાર્થી એક એવી વયનો મતદાર છે કે જેનું સહેલાઇથી બ્રેઇનવૉશ કરી શકાય છે. યુનિવર્સિટીઓમાં કુલપતિની નિમણૂકથી લઇને સમારંભોના મહેમાનો સુધીની તમામ પ્રક્રિયામાં રાજકીય દખલગીરી શરૂ થઇ છે.મહત્ત્વની જગાએ લાયકાત વિનાના ચોક્કસ વિચારધારા ધરાવતા સંગઠનોના વ્યકિતઓની નિમણૂક થઇ રહી છે. વિદ્યાર્થીઓએ રાજકારણમાં ભાગ લેવો ન જોઇએ પણ રાજકીય પક્ષોના વિદ્યાર્થી સંગઠનો યુનિવર્સિટીઓ અને કોલેજોમાં પોતાને અનુકૂળ આવે ત્યાં મહત્ત્વાકાંક્ષી વિદ્યાર્થી વ્યક્તિત્વો શોધીને તેને હાથો કે હથિયાર બનાવીને પોતાની રાજકીય વગ વધારવા યોજનાબદ્ધ રીતે આગળ વધે છે અને વિદ્યાર્થીઓ રાજકીય ચક્રવ્યૂહમાં ફસાય તેવી તેમની ઉંમર પણ હોય છે. ડાબેરી અને જમણેરી પક્ષો તેમનાં વિદ્યાર્થી સંગઠનો થકી વિદ્યાર્થીઓમાં પોતાનું પ્રભુત્વ વધારવા હંમેશાં પ્રયાસો કરે છે.જેથી ચૂંટણી સમયે યુવાફાલ વધુ કામ આવે.આને કારણે વિશ્વની પ્રથમ શ્રેષ્ઠ સો યુનિવર્સિટીમાં ભાગ્યેજ ભારતની કોઇ યુનિવર્સિટીનો નંબર આવે છે.

વિદ્યાર્થીઓમાં નફરત ફેલાવવી એ દેશ માટે વિઘાતક છે. જ્યારે વિદ્યાર્થીઓ રોષ વ્યક્ત કરે ત્યારે દમન કરીને દેશદ્રોહીનું લેબલ મારી દેવાના સરકારી પ્રયાસો થાય છે તે યોગ્ય નથી. રાજકીય પક્ષો પોતાના સ્વાર્થ ખાતર વિદ્યાર્થી સંગઠનોનો ઉપયોગ કરીને ખુદ વિદ્યાર્થીઓનું અહિત કરી રહ્યા છે. વિદ્યાર્થી સંગઠનોની ચૂંટણી પણ હિંસક અને રાજકીય દાવપેચથી ભરપૂર હોય છે.ભારતમાં અભિવ્યક્તિની આઝાદી ને વાણી સ્વાતંત્ર્ય લોકશાહીનો પ્રાણ છે.પણ તે બાબતે વિદ્યાર્થીઓને હાથો બનાવીને ઉપયોગ કરાય તે દેશ માટે જોખમી છે.જુદો વિચાર વ્યક્ત કરનાર દેશદ્રોહી ગણાશે તો દેશમાં આવા કરોડો લોકો હશે. અને લોકશાહીમાં વિચારભેદ જ લોકશાહીને મજબૂત બનાવે છે.એની તાલીમ પણ વિદ્યાર્થીઅવસ્થામાં જ મળે છે પણ આ એવી વય છે કે સાચુંખોટું કે કાવાદાવા સમજવાની વિદ્યાર્થીઓની ક્ષમતા ઓછી હોય છે.અને તેનો લાભ લેનારા વિદ્યાર્થીઓની આવી વયનો દુરુપયોગ કરવામાં પાવરધા હોય છે.

શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને હિંસા કે તોફાનોને બદલે તંદુરસ્ત સ્વસ્થ ચર્ચા અને બધી વિચારધારાઓ અને સંસ્કૃતિઓનું શિક્ષણ અપાય તે જરૂરી છે. વાણીસ્વાતંત્ર્ય અને અભિવ્યક્તિની આઝાદી આપણી સંસ્કૃતિની પ્રાચીન પરંપરા છે.તેમાં હિંસા અને અસહિષ્ણુતાને કોઇ સ્થાન નથી અને ન હોવું જોઇએ. ભારત અનેક ધર્મો,સંપ્રદાયો,જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓ ધરાવતો વિશાળ દેશ છે તેનું વિદ્યાર્થીઓને શિક્ષણ આપવું જોઇએ.સોશિયલ મિડિયાના ઉપયોગના અતિરેકને કારણે મૂળભૂત અને સાચી હકીકતોથી વિદ્યાર્થીઓ વંચિત રહી જાય છે. અને રાજકીય તત્ત્વો કુમળા ઝાડને વાળીએ તેમ વળે તેવી કહેવતનો બરાબર દુરુપયોગ કરે છે.હલકટ કોમેન્ટ એ કોઇ વાણીસ્વાતંત્ર્ય નથી કે નથી અભિવ્યક્તિનો અધિકાર.

વિદ્યાર્થીઓએ પણ વિદ્યાપ્રાપ્તિનું ધ્યેય પ્રથમ છે તે ભૂલવું જોઇએ નહીં.રાજકીય કે રાષ્ટ્રીય દષ્ટિકોણ વિદ્યાર્થીઓ સમજે તે જરૂરી છે પણ અભ્યાસના ભોગે નહીં.સરકાર અને યુનિ. સત્તાવાળા પણ વિદ્યાર્થીઓના અભ્યાસના ભોગે રાજકીય પ્રવૃત્તિઓ આચરતા તત્ત્વોને યુનિ. -કોલેજ કેમ્પસથી દૂર રાખે તે જરૂરી છે.

## પત્રકારત્વ કોઈ સત્તાને ગમતું નથી.

ભારત હોય કે અમેરિકા સત્તા મેળવવા અને વિપક્ષમાં હોય ત્યારે રાજકીયપક્ષોને પત્રકારો ને મિડિયા ગમે છે.પણ જેવી સત્તા મળી અને લોકોના રોષને વાચા આપવા મિડિયા આલોચના કે ટીકા શરૂ કરે એટલે મિડિયા સત્તાધીશોનું દુશ્મન બની જાય છે. પણ સત્તાધીશો ભૂલી જાય છે કે મિડિયા તેમનું આંતરિક ઑડિટર છે.તે શાસકપક્ષને યોગ્ય દિશા બતાવે છે.મિડિયાની ટીકાઓ ધ્યાનમાં લઇને પગલાં લેવાય તો પ્રજાકીય રોષ ઘટે અને તેનો સીધો ફાયદો



શાસપક્ષને થાય છે પણ રાજનેતાઓ ટીકા થતા મિડિયા પ્રત્યે અસહિષ્ણુ બની જાય છે, ઉપેક્ષા કરે છે અને અધ્ધર ઉડવા લાગે છે પણ જેવી ચૂંટણી આવે એટલે પાછા સીધા ચાલે છે.ઘણા નેતાઓને પ્રજાકીય સમર્થન અને લોકપ્રિયતાનો એવો તો નશો હોય છે કે મિડિયા આપણું શું બગાડી લેવાનું છે? અમેરિકી પ્રમુખ ટ્રમ્પ અને મોટાભાગના અમેરિકી મિડિયાને બારમો ચંદ્ર છે. ટ્રમ્પ મિડિયાની ઉપેક્ષા કરવાની કે ઉતારી પાડવાની એક પણ તક છોડતા નથી.તેમણે પોતાના ટીકાકાર મિડિયા માટે વ્હાઇટ હાઉસમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકી દીધો છે.

દેશના વડાપ્રધાન બન્યા પહેલાં ગુજરાતમાં હતા ત્યાં સુધી નરેન્દ્ર મોદી પણ પ્રેસની ઉપેક્ષા કરતા હતા. અને ભાગ્યે જ સીધી વાત કરતા. પત્રકાર પરિષદ તો બોલાવતા નહીં. નિયમિત રીતે ગાંધીનગર જવાની પત્રકારોની વાહન સુવિધા પણ બંધ કરાઇ હતી.પત્રકારોને પ્રતિવર્ષ અપાતા એવોર્ડ પણ બંધ કરી દેવાયા હતા. એક ચેનલમાં તો અણિયાળા સવાલ સમયે ચાલુ કાર્યક્રમે ઊભા થઇ ગયા હતા.લોકસભાની ચૂંટણી સમયે તેમણે નેશનલ મિડિયાને ઢગલાબંધ મુલાકાતો આપી હતી. જે જીતવાની વ્યૂહરચનાનો ભાગ હતો.

શાસકો તેમના પક્ષના નેતાઓના બધા દોષ ચલાવીને પંપાળે છે. ભ્રષ્ટાચારીનું રાજીનામુ લેતા નથી પણ પત્રકારો ટીકા કરે ત્યારે ગમતું નથી. પત્રકારત્વની વિશ્વસનીયતા પર રાજનેતાઓ સવાલો ઉઠાવે છે પણ જનતામાં તેમની વિશ્વસનીયતા તો તળિયે ગઇ છે.પત્રકારોની તેમના કરતા હજુયે સારી છે. ટ્રમ્પની માફક ગુજરાતમાં અને ત્યારબાદ દિલ્હીમાં પણ મંત્રાલયોમાં પત્રકારો માટે પ્રવેશબંધી છે.સંસદની કાર્યવાહીનું જીવંત પ્રસારણ થાય છે પણ ગુજરાત વિધાનસભાની કાર્યવાહીનું જીવંત પ્રસારણ થતું નથી.સરકાર આપે એટલું જ બતાવવાનું હોય છે.પત્રકારો પર પ્રવેશબંધી ફરમાવાય છે.પણ સરકારની નીતિઓ તો આખા દેશ કે રાજ્યમાં હોય છે તેની તો બહાર રહીને જ ટીકા કરી શકાય છે.એટલું જ નહીં સરકારી ખોટા દાવાને પણ બહારથી જ સારી રીતે ખોટા સાબિત કરી શકાય છે.એ માટે મંત્રાલય કે ગૃહમાં પ્રવેશની ઝાઝી જરૂર નથી.આમ છતાં અખબારી સ્વાતંત્ર્યનો પણ મિડિયા દુરુપયોગ ન કરે અને વિશ્વસનીયતા જાળવી રાખે તે ખુદ મિડિયાના અને લોકશાહીના વ્યાપક હિતમાં છે.

## હવેલી લેતાં ગુજરાત ખોવાનો ડર વધ્યો?

દિલ્હીમાં સત્તા સંભાળ્યા પછી લગભગ બે વર્ષ સુધી ગુજરાતમાં ઝાઝું ન આવનારા વડાપ્રધાનની મુખ્યમંત્રીપદેથી મહિલા મુખ્યમંત્રીની વિદાય બાદ



અચાનક ગુજરાતની મુલાકાતો છાશવારે યોજાઇ રહી છે.એમાંયે કચ્છ,ઉત્તર ગુજરાત,સૌરાષ્ટ્ર એમ વિભાગવાર પૂરા આયોજન સાથે વડાપ્રધાન અને પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ બંને સાથે નહીં પણ મોટાભાગે અલગ અલગ આવીને અલગ અલગ કાર્યક્રમોમાં ભાગ લે છે.

વડાપ્રધાનના દિલ્હી ગયા બાદ ગુજરાત ભાજપની સંગઠનાત્મક અને વહીવટી શકિતમાં ઊણપ આવી હોવાનું સ્પષ્ટ જણાતું હતું.જે રીતે મહિલા મુખ્યમંત્રીની વિદાય અને નવા મુખ્યમંત્રીની પસંદગીનું નાટક ભજવાયું તે બતાવે છે કે સંગઠનમાં બધું સમુંસૂતરુ ચાલતું નથી.આનંદીબહેનની વિદાય પછી જાણે અનામત આંદોલન સમેટાઇ ગયું હોઈ તેવી સ્થિતિ છે. બીજી બાજુ ત્રણ યુવા નેતાઓનું પલ્લું ભાજપ કરતાં ભારે થઇ રહ્યું છે જે ભાજપની મતબૅન્કને નુકસાન પહોંચાડી શકે છે. આ સ્થિતિમાં ડિસેમ્બર ૨૦૧૭માં ગુજરાત વિધાનસભાની ચૂંટણીની દુંદુભિ વાગી રહી છે.રાજ્યમાં હાલ જે આંદોલનાત્મક સ્થિતિ પ્રવર્તે છે તે જોતાં રૂપાણી,વાઘાણી અને પટેલની ત્રિપુટી માટે અગાઉનો ૧૨૦ નો આંક જાળવી રાખવાનું કપરું છે.ત્રણેય ઠાકોર, પટેલ અને મેવાણી યુવા નેતાઓ સાથે મળીને ચૂંટણીમાં ઝંપલાવે તો ભાજપને ભારે પડી શકે તેમ છે.ભલે પાટીદાર અનામત આંદોલન દેખાતું ન હોય પણ પાટીદાર સમાજનો આંતરિક રોષ ભાજપને નુકસાન પહોંચાડી શકે તેમ છે.પાટીદારોની ભાજપની સલામત મતબૅન્કમાં ગાબડું પડવાની સંભાવના છે. બીજી બાજુ વડાપ્રધાનના દિલ્હી ગયા બાદ જે બે મુખ્યમંત્રીઓ આવ્યા તેમને એન્ટીઇન્કમ્બન્સીનો સામનો કરવો પડે તેમ છે.સ્થાનિક સ્વરાજમાં ગ્રામીણ વિસ્તારમાં ભાજપની પીછેહઠ થઇ પણ શહેરી વિસ્તારમાં તેનું પ્રભુત્વ જળવાઇ રહ્યું છે.પણ શહેરી વિસ્તારમાં આપ અને ગ્રામીણ વિસ્તારમાં કોંગ્રેસ ભાજપને પડકારી શકે તેમ છે.આપ પાસે જાણીતો ચહેરો ન હોવા છતાં તેણે પગપેસારો કરવા કમર કસી છે અને પંજાબ, ગોવા પછી ગુજરાત તેનું લક્ષ છે. ભાજપ માટે જમા પાસું એ છે કે વિપક્ષ કોંગ્રેસ હજુ ચૂંટણી માટે સજ્જ કે ગંભીર નથી.જૂથબંધીના જૂના હઠીલા રોગને કારણે દરેક જૂથોના નેતાઓ જાહેરમાં મુખ્યમંત્રી તરીકે પોતાનું નામ પ્રોજેક્ટ કરી રહ્યા છે.ભેંસ ભાગોળે અને છાશ છાગોળે તેવી સ્થિતિ કોંગ્રેસની છે.રાજકારણના ભાજપના બંને ખેલાડી મોદી-અમિતની જોડી કોંગ્રેસની નબળાઇ સારી પેઠે જાણે છે અને તેનો લાભ પણ ઉઠાવશે. આ સ્થિતિમાં મોદી અમિતની જોડીનો આગામી ચૂંટણી જીતવાનો મજબૂત વ્યૂહ અપનાવવો પડે નહીંતર હવેલી લેતાં ગુજરાત ખોવા જેવી સ્થિતિ ગુજરાતમાં સર્જાય.